# અદત્તાદાન-વિરમણ

જૈન ધર્મમાં સંયમની આરાધના માટે, સમ્યક્ આચાર માટે સાધુઓનાં પાંચ મહાવ્રત બતાવવામાં આવ્યાં છે : (૧) અહિંસા, (૨) સત્ય, (૩) અસ્તેય, (૪) બ્રહ્મચર્ય અને (૫) અપરિગ્રહ. આ પાંચ મહાવ્રત ગૃહસ્થોએ અમુક અંશે પાળવાનાં હોવાથી તેને અણુવ્રત કહેવામાં આવે છે.

આ પાંચ વ્રતમાં ત્રીજું વ્રત છે અસ્તેય વ્રત અથવા અદત્તાદાન-વિરમણ વ્રત. સ્થૂલ ચોરી ન કરવી એટલી જ વાત નથી. ન આપેલું ગ્રહણ ન કરવું ત્યાં સુધી આ વ્રતના વિષયને વિસ્તારવામાં આવ્યો છે અને એની સૂક્ષ્મ ભાવનાને તો એથી પણ વધુ ઊંચે લઈ જવામાં આવી છે.

अदत्तादानं स्तेयम् । — અદત્તાદાન એટલે ચોરી એવી સામાન્ય વ્યાખ્યા આપવામાં આવે છે, પરંતુ એમાં એથી વિશેષ અર્થ રહેલો છે. 'સર્વાર્થસિદ્ધિ'માં કહ્યું છે :

यत्र संक्लेशपरिणामेन प्रवृत्तिस्तत्रस्तेयं भवति, बाह्यवस्तुनो ग्रहणे चाग्रहणे च ।

બાહ્ય સ્થૂલ વસ્તુનું ગ્રહણ હોય કે ન હોય, પરંતુ જ્યાં સંકલેશ પરિણામની પ્રવૃત્તિ થતી હોય તે ચોરી છે.

આમ, અસ્તેય કરતાં 'અદત્તાદાન વિરમણ' શબ્દમાં વધારે વ્યાપક, ગહન અને સૂક્ષ્મ અર્થ રહેલો છે. દત્ત એટલે આપેલું. અદત્ત એટલે કોઈએ નહીં આપેલું. આદાન એટલે ગ્રહણ કરવું. વિરમણ એટલે અટકવું. આમ, કોઈએ પોતાને નહીં આપેલી એવી વસ્તુનું ગ્રહણ ન કરવું એટલે અદત્તાદાન વિરમણ. વ્રત તરીકે 'અચૌર્ય' કે 'અસ્તેય' શબ્દ કરતાં 'અદત્તાદાન વિરમણ' શબ્દ વધારે ગંભીર અને ગૌરવવાળો છે અને સાધકને માટે તો એ જ શબ્દ વધુ ઉચિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અદત્તાદાન અથવા ચોરી માટે 'પ્રશ્ન વ્યાકરણ'માં જુદા જુદા સમાન્તર અર્થ કે ભાવવાળા પ્રાકૃત શબ્દો આપ્યા છે. જેમ કે, ચોરિકકં (ચોરી), પરહડં (બીજાની વસ્તુ ભોળવીને ચાલાકીથી પડાવી લેવી), ક્રૂરિકડં (નિર્દય બનીને, ધમકી આપીને છીનવી લેવું), પરલાભ (મહેનત કર્યા વિના બીજાનો લાભ ઉઠાવવો), અસંજમ (બીજાની વસ્તુ લેવામાં સંયમરહિત બનવું), લોલિકં (બીજાની આકર્ષક વસ્તુ જોઈ તે મેળવી લેવા લાલચુ બનવું), અવહાર (દુષ્ટતા, અવિનય કે ઉદ્ધતાઈથી બીજાની વસ્તુ પડાવી લેવી) હત્થલહુત્તણં (બીજાને ન દેખાય એ રીતે હાથની લાઘવતાથી કામ પતાવી લેવું જેમ કે, ખિસ્સાકાતરુઓ કરે છે તેમ), અપચ્ચઓ (વિશ્વાસઘાત કરવો), કુલમસી (પોતાના કુટુંબને કલંક લગાડનારું કામ) વગેરે.

માણસ સ્વભાવથી ચોર નથી, માટે ચોરી ન કરવાની બાબતને વ્રતનું સ્વરૂપ આપવાની જરૂર નથી એવી દલીલ કોઈ કરે તો તે નિરર્થક છે. આ વ્રતની જે સૂક્ષ્મ મીમાંસા જૈનદર્શનમાં કરવામાં આવી છે તેનો જો બરાબર અભ્યાસ કરવામાં આવે તો લાગ્યા વગર રહેશે નહીં કે માત્ર ધાર્મિક દૃષ્ટિએ જ નહીં, સામાજિક દૃષ્ટિએ પણ આ વ્રતની ભાવના મનુષ્યજીવન માટે ઘણી ઉપકારક છે.

અદત્તાદાન વિરમણ વ્રત પાંચ મહાવ્રતમાં બરાબર મધ્યમાં આવે છે. પહેલાં બે વ્રતના પોષણ અર્થે જ આ ત્રીજું વ્રત પણ બતાવવામાં આવ્યું છે. અહિંસા અને સત્ય સાથે અસ્તેય વ્રત ઘનિષ્ઠ રીતે સંકળાયેલું છે. પહેલાં બે વ્રતનું કે બેમાંથી કોઈ એકનું બરાબર પાલન કરી ન શકનાર વ્યક્તિ આ ત્રીજું વ્રત પણ બરાબર પાળી ન શકે. આ ત્રીજા વ્રતનું પાલન કરનાર પહેલાં બે વ્રતમાં દૃઢ રહી શકે છે. વળી જેઓ આ ત્રીજું વ્રત સ્થૂળ અને સૂક્ષ્મ દૃષ્ટિએ બરાબર પાળે છે તેઓને માટે ચોથા અને પાંચમા વ્રતનું પાલન સરળ બની જાય છે.

પાંચ મહાવ્રતોમાં અસ્તેય વ્રતને ત્રીજું સ્થાન આપવામાં આવ્યું છે તે સકારણ છે એમ વિવિધ દૃષ્ટિબિંદુથી જોતાં જણાશે. વ્રતભંગ કરનાર લોકોની સંખ્યાના પ્રમાણની દૃષ્ટિએ જોઈએ તો પણ તે યોગ્ય જણાશે. દુનિયામાં અપરિગ્રહ વ્રતનો ભંગ કરનાર માણસો કરતાં બ્રહ્મચર્ય અથવા સ્વદારાસંતોષના વ્રતનો ભંગ કરનાર લોકો વધુ હશે. એથી વધુ લોકો અસ્તેય વ્રતનો ભંગ કરનાર, એથી વધુ અસત્ય બોલનાર અને એથી વધુ સ્થૂલ-સૂક્ષ્મ હિંસા કરનાર લોકો હશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારકી એ ચાર ગતિના જીવોમાંથી ચોરીની સૌથી વધુ શક્યતા મનુષ્યભવમાં જ છે. મનુષ્યભવમાં જ જેમ એક તરફ જીવને માટે જ્ઞાન, દર્શન અને ચારિત્રની ઉત્તમોત્તમ આરાધના કરી મોક્ષગતિ પ્રાપ્ત કરવાની શક્યતા રહેલી છે, તેમ બીજી બાજુ ગરીબી, બેકારી, વેર લેવાની વૃત્તિ વગેરે તથા રાગદ્વેષથી પ્રેરાઈને ચોરીનું ભારેમાં ભારે દુષ્કર્મ કરવાની શક્યતા રહેલી છે. મનુષ્યનું કુટિલ ચિત્ત અણહકનું મેળવવાના અનેક રસ્તા શોધી કાઢે છે અને તે મેળવીને તેમાં રાચે છે.

જેમ જમાનો આગળ વધતો જાય તેમ તેમ ચોરી કરવાના નવા નવા પ્રકારો, નવા નવા પ્રયોગો, યુક્તિ-પ્રયુક્તિઓ વગેરે શોધાતાં રહે છે. આવાં કામોમાં પણ મનુષ્યનું ફળદ્રુપ ભેજું વિવિધ રીતે કામ કરવા લાગે છે. અત્યારે દુનિયાભરમાં વૈજ્ઞાનિક પ્રગતિને કારણે ઇલેક્ટ્રોનિક સાધનો અમલમાં આવ્યાં છે. કૉમ્પ્યૂટરે દુનિયાભરમાં ઘણી મોટી ક્રાંતિ આણી છે અને ઘણાં બધાં કામો સરળ બનાવી દીધાં છે. બીજી બાજુ કૉમ્પ્યૂટરને કારણે દુનિયાના પ્રગતિશીલ સમૃદ્ધ દેશોમાં પણ માહિતીની ચોરી ઘણી વધી ગઈ છે. બૅન્કોનાં ખાતાંઓમાંથી ઉઠાંતરી કરવાના કિસ્સા પણ ઘણા વધી ગયા છે. Electronic Fraud એ આધુનિક જગતનો અદત્તાદાનરૂપી એક મોટો રોગ છે.

ચોરીનો વિષય ઘણો વિશાળ છે. એના પ્રકારો અનેક છે અને વખતોવખત નવા નવા શોધાતા જાય છે. ચોરી વિનાનો માનવજાતનો ઇતિહાસ ક્યારેય સંભવી ન શકે. દુનિયામાં બધાં જ માણસો ધનવાન, સુખી અને સાધનસંપન્ન હોય તો પણ દુનિયામાંથી ચોરી નિર્મૂળ ન થઈ શકે, કારણ કે અનાદિકાળના એ સંસ્કાર છે. આ તો સ્થૂલ ચોરીની વાત થઈ. સૂક્ષ્મ, માનસિક ચોરીની તો વળી વાત જ જુદી. જ્યાં સુધી મોહ, લોભ જેવા કષાયો છે, ચીજવસ્તુઓ માટેની આસક્તિ છે, સંગ્રહવૃત્તિ છે, ત્યાં સુધી ચોરી રહેવાની. રાજ્યો દ્વારા સજા થવાના ભયને લીધે, અને ચોકી-પહેરાને લીધે ઘણી ચોરી અટકે છે. વળી માણસે તાળાની શોધ કરીને અસંખ્ય લોકોને ચોરીનો ગુનો કરતાં અટકાવ્યા છે. માનવજાત ઉપર આ રીતે તાળાનો ઉપકાર ઘણો મોટો છે. બીજી બાજુ તાળું એ માનવજાતનું કલંક છે, કારણ કે તે અવિશ્વાસનું પ્રતીક છે.

ચોરી કરવાનાં જે કેટલાંક કારણો છે તેમાંનું એક મુખ્ય કારણ છે લોભ. લોભી માણસ ક્યારે ચોરી કરશે તે કહી શકાય નહીં. ભગવાન મહાવીરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'ઉત્તરાધ્યયન સૂત્ર'ના બત્રીસમા અધ્યયનમાં કહ્યું છે :

रुवे अतित्ते परिग्गहम्मि
सत्तोवसत्तो न उवेइ तुट्ठि ।
अतुट्ठिदोसेण दुही परंस्स ।
लोभाविले आययई अदत्तं ।।

[મનોજ્ઞ રૂપના પરિગ્રહમાં આસક્ત થયેલો જીવ જ્યારે અતૃપ્ત થાય છે ત્યારે તેની આસક્તિ વધે છે અને તે સંતોષ મેળવી શકતો નથી. ત્યારે અસંતોષના દોષ વડે દુઃખી થયેલો તે અત્યંત લોભ વડે મલિન થઈને અન્યનું ન દીધેલું પણ ગ્રહણ કરે છે.]

तम्हाभिभूयस्स अदत्तहारिणो
रूवे अतित्तस्स परिग्गहे य ।
मायामुसं वड्ढई लोभदोषा
तत्थावि दुक्खा न विमुच्चई से ।।

[તૃષ્ણાથી પરાભવ પામેલો માણસ અદત્તને લેવા છતાં તે પરિગ્રહમાં તથા રૂપમાં અતૃપ્ત રહે છે. અદત્તને હરણ કરનારો તે લોભથી આકર્ષાઈને માયા અને અસત્યના દોષોને વધારી મૂકે છે, છતાં તે દુઃખથી છૂટી શકતો નથી.]

मोसस्स पच्छा य पुरत्थओ च
पओगकाले य दुही दुरंते ।
एयं अदत्ताणि समाययंतो
रूवे अतितो दुहिओ अणिस्सो ।।

[ જૂઠું બોલતાં પહેલાં, બોલ્યા પછી અને બોલવા કાળે પણ દુષ્ટ હૃદયવાળો તે જીવ દુઃખી થાય છે તેમજ રૂપમાં અતૃપ્ત રહેલો અને અણદીધેલું ગ્રહણ કરનારો હંમેશાં અસહાય અને દુઃખથી પીડિત રહે છે.]

કેટલાક સાધારણ સ્થિતિના માણસોને કોઈ વાડીમાંથી, મંદિરમાંથી કે કોઈ સંસ્થામાંથી શ્રીફળ, સોપારી, પેંડા, લાડુ, ફળ-ફળાદિ મફત મળતાં હોય તો પછી એવું મફત મેળવવાની તેમને આદત પડી જાય છે. એવી વસ્તુ માટે પછી નાણાં ખર્ચવાનો પ્રસંગ આવે છે ત્યારે તેમને ગમતું નથી. એમ કરતાં કરતાં એમનામાં પણ એવી નાનીનાની ચીજવસ્તુઓની ચોરી કરવાની ટેવ પડી જાય છે. એટલા માટે પોતાને કોઈ વસ્તુ હકપૂર્વક મફત મળતી હોય તો પણ એવી વસ્તુ દીર્ઘકાળ સુધી મફત મેળવવી ન જોઈએ કે જેથી એના ખોટા સંસ્કાર પોતાના જીવનમાં ઊંડા ઊતરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માત્ર ગરીબ લોકો જ ચોરી કરે છે એવું નથી, શ્રીમંતો પણ ચોરી કરે છે. શ્રીમંતો એમના પ્રકારની વેપાર-ધંધામાં ચોરી કરે છે. કેટલીક વાર વ્યવહારમાં ચોરીના નામને પાત્ર ન ગણાય એવી અથવા રાજ્યના કાયદા દ્વારા સજા ન થાય એવી તેઓની ચોરી હોંશિયારી, આવડત, કુનેહમાં ખપાવવામાં આવે છે.

નાનીનાની ચીજવસ્તુઓની શ્રીમંતો કે સાધનસંપન્ન સુખી લોકો દ્વારા જે ચોરી થાય છે એનો તો વળી વિષય જ જુદો છે. ચોરી એ ગુનો છે એવા ભયથી ઘણા અટકે છે. પરંતુ કેટલાકને નાનપણથી કે મોટી વયે વારંવાર ચોરી કરવાનું મન થાય છે. વખત જતાં ચોરી એમને માટે વ્યસનરૂપ બની જાય છે. અને એથી આગળ જતાં ચોરી એમને માટે માનસિક રોગ બની જાય છે. આવા રોગને 'ક્લેપ્ટોમેનિયા' (Kleptomania) કહે છે. આવી નાનીનાની ચોરી પુરુષો કરતાં મહિલાઓ વધારે કરે છે.

નાનીનાની ચોરી કરવામાં એક પ્રકારનો સૂક્ષ્મ માનસિક આનંદ હોય છે. એ આનંદ શુદ્ધ નહીં પણ અશુદ્ધ, વિકૃત પ્રકારનો હોય છે. વખત જતાં એ એક પ્રકારની ગ્રંથિરૂપે બંધાઈ જાય છે. એથી પોતે જ્યાં સુધી ચોરી ન કરે ત્યાં સુધી ચેન પડતું નથી. આવી ગ્રંથિમાંથી સહેલાઈથી છૂટાતું નથી. નાની મનગમતી વસ્તુ સંતાડીને લઈ લેવી એ તેમની કુદરતી ટેવ બની જાય છે. શ્રીમંતોને એવી કોઈ વસ્તુ ખરીદવાનું ન પરવડે એવું નથી, પરંતુ કંઈક ચોરીને મફત મેળવ્યાનો હલકી કોટિનો આનંદ તેમને માટે જુદો જ હોય છે. યુરોપ-અમેરિકાના કેટલાય મોટા મોટા સ્ટોરમાં Shop-Liftingના બનાવો વારંવાર બનતા હોય છે. એમાં પકડાઈ જનાર વ્યક્તિઓ એકંદરે સુખી ઘરની હોય છે.

છેતરપિંડીની કલામાં વાણિયા લોકો જૂના વખતથી જાણીતા છે. મીઠું મીઠું બોલવું, વધારે કહીને ઓછું આપવું, તક સાધીને બીજાને શીશામાં ઉતારી દેવો વગેરે પ્રકારની આવડત વણિક લોકોને ઘણી હોય છે. વાણિયાના લોહીમાં જ આ વસ્તુ ઊતરી આવે છે. એથી જ વાણિયાની 'લુચ્ચા' તરીકેની છાપ જમાનાજૂની છે. કવિઓએ પણ વણિકનાં શબ્દચિત્રો જૂના વખતમાં દોર્યાં છે. જેમ કે :

लौल्येन किंचित्कलया य किंचित् ।
मापेन किंचित्तुलया च किंचित् ।।
किंचिच्च किंचिच्च समाहरंति ।
प्रत्यक्ष चोरा वणिजा भवंति ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[કેટલુંક લટકાં-મટકાં કરીને, કેટલુંક કલા વડે (એટલે બીજાને ન દેખાય એવી કુશળતાથી), કેટલુંક માપમાં ઘાલમેલ કરીને, કેટલુંક તોલમાં વધઘટ કરીને, એમ વણિક કંઈક કંઈક હરણ કરી લે છે. માટે વણિક પ્રત્યક્ષ ચોર છે એમ જ સમજવું.]

આવો જ બીજો એક શ્લોક પણ છે :

**अधीते यत्किंचित्तदपि मुषितं ग्राहकजनं ।**
**मृदु ब्रूते यद्धा तदपि विवशीकर्त्तुमपरं ।।**
**प्रदत्ते यत्किंचित्तदपि समुपादातुमधिकं ।**
**प्रपंचोयं वृत्तेरहह गहनं कोऽपि वणिजां ।।**

[વણિક જે કંઈ કહે તે ગ્રાહકને છેતરવા માટે જ હોય છે. વણિક મીઠું મીઠું બોલે તે પણ ગ્રાહકને વશ કરવા માટે જ હોય છે. વળી ગ્રાહકને જો થોડું કંઈક મફત આપે તે તેનો વધારે ભાવ લેવા માટે જ છે એમ જાણવું. આમ, વણિકના વેપારનો પ્રપંચ ખરેખર ઘણો ઊંડો હોય છે.]

આમ, વેપારધંધામાં જેમ વણિક લોકો કુશળ ગણાય છે તેમ છેતરપિંડીની બાબતમાં પણ વાણિયા લોકોની શાખ જૂના વખતથી જ બગડેલી છે. આપણામાં જેમ વાણિયા લોકો તેમ દુનિયાના જુદા જુદા દેશોમાં પ્રજાના અમુક વર્ગના લોકો વેપારધંધામાં લુચ્ચા અને અપ્રમાણિક ગણાતા હોય છે.

જેઓ છેતરપિંડી કરે છે તેઓ બીજાને દુઃખ પહોંચાડે છે. જેનું ધન ચોરાઈ જાય છે તે આપત્તિમાં આવી પડે છે. આવી રીતે બહુ દુઃખી થયેલો માણસ ક્યારેક આપઘાત કરી બેસે છે.

અદત્તના ચાર મુખ્ય પ્રકારો આગમોમાં બતાવવામાં આવ્યા છે. પ્રશ્ન વ્યાકરણમાં કહ્યું છે :

**सामी – जीवादत्तं तित्थयरेणं तहेव य गुरुहिं ।**
**वमदत्तसरुवं परुवियं आगमधरेहिं ।।**

(સ્વામી-અદત્ત, જીવ-અદત્ત, દેવ-અદત્ત અને ગુરુ-અદત્ત-ચોરીનાં આ ચાર સ્વરૂપ આગમધર જ્ઞાનીઓએ બતાવ્યાં છે.)

**૧. સ્વામી અદત્ત** – જેની માલિકીની જે વસ્તુ હોય તે તેના આપ્યા વગર લેવી તે સ્વામી અદત્ત છે. મોટી વસ્તુઓની બાબતની દૃષ્ટિએ આ ચોરી છે. પરંતુ નાની નાની ચીજવસ્તુઓ પણ તેના માલિકની રજા વગર ન લેવી જોઈએ. સાધુઓએ પણ ઉપાશ્રય કે મકાનનો ઉપયોગ તેના સંઘની, ટ્રસ્ટની કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માલિકની રજા લીધા વિના ન કરવો જોઈએ.

**૨. જીવ અદત્ત** – જીવ અદત્ત એટલે જીવે પોતે નહીં આપેલું. જે વસ્તુમાં જીવ હોય તે વસ્તુ ગ્રહણ કરવી તે જીવ અદત્ત. આ ખાસ કરીને મુનિ-ભગવંતોને લાગુ પડે છે, કેમ કે સચિત્ત વસ્તુનો ત્યાગ તેઓએ કરવાનો હોય છે. કોઈ જીવની હત્યા કરવામાં આવે તો તેમાં હિંસા ઉપરાંત જીવ અદત્તનો દોષ લાગે.

**૩. તીર્થંકર અદત્ત** – એટલે તીર્થંકરોએ ન આપેલું એવું ગ્રહણ કરવું તે. વસ્તુતઃ તીર્થંકર પરમાત્માઓ મોક્ષમાં બિરાજમાન છે અને મહાવિદેહ ક્ષેત્રમાં વિદ્યમાન હોય તો પણ તેઓને કશું આપવા લેવાનો વ્યવહાર રહેતો નથી એટલે અહીં 'તીર્થંકર અદત્ત' શબ્દ લક્ષણાથી લેવાનો છે અને તેનો મર્મ એ છે કે તીર્થંકર પરમાત્માની આજ્ઞાથી વિપરીત કાર્ય કરવામાં 'તીર્થંકર અદત્ત'નો દોષ લાગે છે.

**૪. ગુરુ અદત્ત** – ગુરુએ ન આપેલી એવી વસ્તુ ગ્રહણ કરવી તે ગુરુ અદત્ત કહેવાય. મુનિઓને પોતાના પંચમહાવ્રતધારી ગુરુએ ગોચરી, ઉપકરણો વગેરેની બાબતમાં જે ન આપ્યું હોય તે ન લેવું એ દોષમાંથી સ્થૂળ વ્યવહારની દૃષ્ટિએ બચવાનું છે. પરંતુ વિશેષાર્થ તરીકે તો મુનિઓએ તેમજ ગૃહસ્થોએ પોતાના પંચમહાવ્રતધારી ગુરુ ભગવંતોની આજ્ઞા વિરુદ્ધ કાર્ય કરવું એ ગુરુ અદત્તનો દોષ ગણાય છે. એવા દોષથી બચવું જોઈએ.

ચોરીના પ્રકારોનું જૈન પારિભાષિક પદ્ધતિએ એટલે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની દૃષ્ટિએ પણ વર્ગીકરણ કરવામાં આવે છે.

૧. દ્રવ્ય ચોરી – દ્રવ્ય એટલે સ્થૂલ પદાર્થ. દ્રવ્ય ચોરી એટલે રોકડ નાણાં, ઘરેણાં, ચીજ- વસ્તુઓની ચોરી કરવી તે. એમાં ખોટાં તોલમાપથી, ભેળસેળથી, ખોટાં બિલ બનાવી, હિસાબમાં ઘાલમેલ કરી કે ખાનગીમાં પોતાનું કમિશન રખાવી કે સરકારી કરવેરા ન ભરી કે ખોટી રીતે ઓછા ભરી જે નાણાં પ્રાપ્ત કરવાનો પ્રયાસ થાય છે તે પણ દ્રવ્ય ચોરી છે.

૨. ક્ષેત્ર ચોરી – એટલે જમીન, ખેતર વગેરેના વેચાણમાં અપ્રામાણિકતા આચરવી, કોઈની જમીન દબાવી લેવી, નધણિયાતી જમીન પચાવી પાડવી વગેરે ક્ષેત્ર ચોરી તરીકે ગણાય. તદુપરાંત ગ્રામ, નગર, વન, ઉદ્યાન વગેરેમાં રહીને ચોરી કરવી તે પણ ક્ષેત્ર ચોરી તરીકે ઓળખાય છે.

૩. કાલ ચોરી – એટલે નિશ્ચિત કાલે, દિવસે કે રાત્રે ચોરી કરવી તે કાલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોરી. તદુપરાંત નિયમ કરતાં ઓછા કલાક કામ કરવું, નોકર પાસે વધારે કલાક કામ કરાવી લેવું, જાણી જોઈને કામ વિલંબમાં નાખી દેવું, પગારનાં, બિલનાં કે બીજા નાણાં ચૂકવવાનાં હોય તેના કરતાં મોડાં ચૂકવવાં, વ્યાજ ગણતી વખતે અમુક દિવસો કાપી લેવા કે દિવસોના ખોટા આંકડા બતાવવા ઇત્યાદિ પ્રકારે પોતાના હક કરતાં વધુ ધનપ્રાપ્તિ કરી લેવી તે કાલ ચોરી છે.

૪. ભાવ ચોરી – ચોરી કરવાની શક્યતા ન હોય છતાં મનમાં ચોરી કરવાના ભાવનું સેવન કરવું તે ભાવ ચોરી. વળી બીજાના ભાવ કે વિચારને પોતાના તરીકે બતાવવાની વૃત્તિ કવિ, લેખકોને કેટલીક વાર થાય છે. આ પ્રકારની ઉઠાંતરી તે પણ ભાવ ચોરી છે. વાક્ય કે ગાથાનો જાણી જોઈને જુદો અર્થ કરવો તે પણ ભાવ ચોરી છે.

ચોરીના પ્રકાર નીચે પ્રમાણે પણ બતાવવામાં આવે છે :

(૧) અચિત્તની ચોરી અને (૨) સચિત્તની ચોરી

૧. અચિત્તની ચોરી – એટલે નિર્જીવ ચીજવસ્તુઓની ચોરી. ધન, ઘરેણાં, કિંમતી ચીજવસ્તુઓ, સાધનો, ઉપકરણો, ચિત્રો, ગ્રંથો વગેરેની ચોરી તે અચિત્તની ચોરી છે. કેટલીક ચોરી નિર્ધન માણસો દ્વારા પોતાની આજીવિકા માટે થાય છે. કેટલીક દુર્લભ વસ્તુઓની ચોરી અછતના વખતમાં થાય છે. કેટલીક આકર્ષક વસ્તુઓની ચોરી માત્ર લાલસા કે વાસનાથી પ્રેરાઈને કરાય છે. ઘરેણાં વગેરેની ચોરી સાધનસંપન્ન મહિલાઓ દ્વારા જ્યારે થાય છે ત્યારે તે આવા આશયથી થાય છે. કેટલીક કલાકૃતિઓની ચોરી તેના સંગ્રહકારો કે તેના દલાલો દ્વારા થતી હોય છે. અચિત્તની ચોરીનું ક્ષેત્ર અત્યંત વિશાળ છે.

૨. સચિત્તની ચોરી – સચિત્તની ચોરી એટલે જીવોની ચોરી. પ્રાણીઓની ચોરીમાં પાળેલાં ગાય, ભેંસ, ઘેટાં, બકરી, કૂતરાં, બિલાડીં વગેરેને ઉપાડી જવાની અને એના પૈસા ઉપજાવવાની ઘટનાઓ દુનિયામાં બધે જ બને છે. પશુ-પંખીઓની દાણચોરીની ઘટના પણ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વધી ગઈ છે. પાળેલી ગાયો કે ભેંસોને ઉપાડી જઈ તેના શિંગડાંને રસાયણ લગાડી ગરમ કરી એના આકાર બદલી નાખવામાં આવે છે કે જેથી તે ઓળખી ન શકાય. દાસ, નોકર, ચાકર, રસોઈયા, મુનીમ વગેરેને વધુ લાલચ આપી લઈ જવાના બનાવો બને છે. કોઈકની પત્નીને ઉઠાવી જવાની ઘટનાઓ પણ પ્રાગૈતિહાસિક કાળથી જાણીતી છે. સીતાહરણ, ઓખાહરણ, રૂકિમણીહરણ, સંયુક્તાહરણ જેવી ઘટનાઓ સુપ્રસિદ્ધ છે. પુરુષોને ઉપાડી જવાની ઘટનાઓ પણ બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિષ્યોની ચોરી ધર્મના ક્ષેત્રે જાણીતી છે. આમ, સચિત્તની ચોરીનું ક્ષેત્ર પણ ઘણું મોટું છે.

સ્થૂલ મોટી ચોરીના મુખ્ય પાંચ પ્રકાર બતાવતાં શ્રાવક પ્રતિક્રમણમાં કહ્યું છે :

अदिन्नादाणं पंचविहे पण्णत्तं तं जहा-खत्तखणणं, गंठिभेयणं, जंतुग्धाडणं, पडियवत्थूहरणं, ससामियवत्थूहरणं ।

અદિન્નાદાન એટલે કે ચોરીના પાંચ પ્રકાર છે.

(૧) ખત્ત-ખણણં (૨) ગંઠિભેયણં (૩) જંતુગ્ઘાડણં (૪) પડિયવત્થૂહરણં અને (૫) સસામિયવત્થૂહરણં.

૧. ખત્તખણણં – એટલે ખાતર પાડવું. જૂના વખતમાં આ પ્રકારની ઘટના વિશેષ બનતી. જ્યારે ઇલેક્ટ્રિક દીવાબત્તી હતાં નહીં, ત્યારે અંધારાનો લાભ લઈ રાત્રિ દરમિયાન ચોર લોકો ઘરની પાછળની ભીંતમાં બાકોરું પાડી, ઘરમાં ઘૂસીને ચોરી કરી જતા. અંધકાર, અમાસની રાત્રિ એ ચોરને માટે આશીર્વાદરૂપ ગણાતી. આ પ્રકારની ચોરીને 'ખાતર પાડવું' કહેવાય છે. એવી ચોરીનું પ્રમાણ હવે નહીંવત્ રહ્યું છે, પરંતુ ઘરનાં બારણાં તોડીને, ઉઘાડીને ચોરી કરવાની ઘટના હજુ બન્યા કરે છે.

૨. ગંઠિભેયણં – ગાંઠ છોડીને અંદરથી વસ્તુ કાઢી લેવી. જૂના વખતમાં જ્યારે તાળાં નહોતાં અથવા ઓછાં હતાં ત્યારે લોકો પોટલી, પોટલાં, ગાંસડી વગેરે કરતા અને ઉપર ગાંઠ મજબૂત મારતા. એવી ગઠરી છોડીને એમાંથી વસ્તુઓ ચોરી લેવાના કિસ્સા બનતા. વર્તમાન સમયમાં પણ બેગ કે પેટી ખોલીને તેમાંથી ચોરી કરી લેવાના કિસ્સા બને છે.

૩. જંતુગ્ઘાડણં – એટલે યંત્ર ઉઘાડવું, તાળું તોડવું. જૂના વખતમાં યંત્રના પ્રકારની રચનાઓ માણસો પોતાનાં ઘર-દુકાનમાં કરાવતા. એને સંચ કહેતા. એવી ગુપ્ત રચના ક્યાં છે તેની બીજાને ખબર ન પડતી અને ખબર પડે તો તે કેમ ઉઘાડવું તે આવડે નહીં. એવી રચનાઓ પણ હોશિયાર ચોર ઉઘાડતા. એવા સંચ હવે બહુ રહ્યાં નહીં. તાળાં-તિજોરી આવ્યાં. તે પણ ઉઘાડીને ચોરી કરી લેનાર માણસો દુનિયામાં ઓછા નથી.

૪. પડિયવત્થૂહરણં – એટલે કોઈની પડી ગયેલી વસ્તુ ઉઠાવી લેવી. માણસનો ચોરી કરવાનો સ્પષ્ટ આશય ન હોય અથવા પોતે ચોરી કરવા નીકળ્યો ન હોય, પણ કોઈ જગ્યાએ કોઈની કિંમતી ચીજવસ્તુ પડી ગઈ હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો તે ઉઠાવી લઈને પોતાના ખિસ્સામાં મૂકી દેવાની ઇચ્છા ઉપર કાબૂ રાખવાનું સરળ નથી. સારા સંસ્કાર હોય તો જ આવી ઇચ્છા ન થાય.

૫. સસામિયવત્થૂહરણં – એટલે કે કોઈ ચીજવસ્તુ તેના સ્વામીની પાસે હોય અથવા એના સ્વામીની ત્યાં ઉપસ્થિતિ હોય, તેવે વખતે એવી વસ્તુ છીનવી લઈને કે ઉપાડી લઈને ભાગી જવું તે ઉઘાડી ચોરી અથવા લૂંટ છે. ચોરીનો આ પણ એક પ્રકાર છે.

અહીં આ જે પાંચ પ્રકાર બતાવ્યા છે તે એવાં ગંભીર છે કે જે રાજ્યની દૃષ્ટિએ અપરાધરૂપ છે, ગુનો છે અને તે સજાને પાત્ર છે. આ સ્થૂલ મોટી ચોરી તે અદત્તાદાન વિરમણ વ્રતના ભંગરૂપ છે. મોટી ચોરીના આ પાંચ પ્રકાર ઉપરાંત દેશકાળ અનુસાર બીજા પણ પ્રકારો હોઈ શકે છે. રાજ્યના કાયદાની દૃષ્ટિએ સજાપાત્ર હોય એવી ચોરીના અન્ય પ્રકારો પણ આમાં ઉમેરી શકાય. ચોરીના આ ગંભીર પ્રકારો ઉપરાંત એથી થોડા ઓછા ગંભીર પ્રકારો છે જે વ્રતને દૂષણ લગાડવા બરાબર છે. એની ગણના અતિચારમાં કરવામાં આવે છે.

અસ્તેયવ્રતના પાંચ અતિચાર બતાવતાં 'તત્ત્વાર્થસૂત્ર'માં કહ્યું છે :

स्तेनप्रयोग तदाहृतादान — विरुद्धराज्यातिक्रम हीनाधिकमानोन्मान — प्रतिरुपक व्यवहार : ।

(૧) સ્તેન પ્રયોગ (૨) તદાહૃતાદાન (૩) વિરુદ્ધ રાજ્યાતિક્રમ (૪) હીનાધિકમાનોન્માન અને (૫) પ્રતિરૂપક એ અસ્તેય વ્રતના અતિચાર છે. અનાચાર કરતાં અતિચારમાં દોષની માત્રા થોડી ઓછી હોય છે. જોકે અસ્તેય વ્રતના અતિચાર એવા છે કે તેનું આચરણ કરનાર ક્યારે મર્યાદાનો ભંગ કરીને અનાચાર આચરશે તે કહી શકાય નહીં.

૧. સ્તેન પ્રયોગ – એટલે ચોરને ચોરી કરવાના પ્રયોગો બતાવે, તેને હિંમત આપે, ઉત્તેજન આપે, તેને હથિયાર, ચીજવસ્તુઓ, અન્ન, વસ્ત્ર, આશ્રય વગેરે પૂરાં પાડે.

૨. તદાહૃતાદાન – એટલે ચોર ચોરી કરીને જે માલ લાવ્યો હોય તે લેવો. એ તો કુદરતી જ છે કે ચોરીનો માલ સસ્તો મળે, કારણ કે ચોરને થોડી મહેનતે-થોડા જોખમે ઘણી કિંમતી વસ્તુઓ મળી જાય છે. વળી પકડાઈ જવાની બીકે ચોરને તે વસ્તુઓ વેચી દેવાની ઉતાવળ હોય છે. એકંદરે ચોરીના માલ માટે ચોર લોકો બજારની વધઘટની બહુ રાહ ન જુએ કે માલને વધુ વખત પકડી ન રાખે. આથી ચોરીનો માલ બજારભાવ કરતાં ઘણો સસ્તો મળે. એથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એના વેચાણમાંથી નફો સારો મળે. કેટલાયે વેપારીઓને ચોરીના માલની લે-વેચની ફાવટ આવી જાય છે.

૩. વિરુદ્ધરાજ્યાતિક્રમ – એટલે રાજ્યના કાયદાની વિરુદ્ધ કાર્ય કરીને કમાવું. આ એક ગંભીર પ્રકારની ચોરી છે અને ક્યારે તે અતિચારમાંથી અનાચારમાં પરિણમે અને સજાને પાત્ર થાય તે કહી શકાય નહીં. પોતાના જ રાજ્યમાં સરકારી કરવેરાની ચોરી કરવાની વૃત્તિ દુનિયાના બધા દેશોમાં ઓછાવત્તા પ્રમાણમાં જોવા મળશે. બે રાષ્ટ્રો વચ્ચેના કાયદાઓનું ઉલ્લંઘન કરી દાણ (જકાત) ભર્યા વગર ચોરી કરવી તે દાણચોરી છે. આંતરરાષ્ટ્રીય વ્યવહાર વધતાં સસ્તી-મોંઘી વસ્તુની ખાનગીમાં હેરાફેરી કરીને કમાવાની પ્રવૃત્તિ દુનિયાભરમાં ઘણી વધી ગઈ છે.

૪. હીનાધિકમાનોન્માન – તોલ અને માપમાં તે લેવાનાં જુદાં અને આપવાનાં જુદાં રાખીને એવી છેતરપિંડી કરીને કમાવાની લાલચને માણસ સહેલાઈથી જતી કરી શકતો નથી. તોલમાપમાં ઓછું આપી પોતે બરાબર આપે છે એવા ભ્રમમાં ઘરાકને રાખવાની કળા ઘણા વેપારીઓ કે ગુમાસ્તાઓ હસ્તગત કરી લે છે. ઘણા સુધરેલા સમૃદ્ધ દેશોમાં આ પ્રકારની ગેરરીતિ હવે અટકી ગઈ છે. પરંતુ અનાદિ કાળથી ચાલી આવેલી આવી ગેરરીતિ હજુ પણ પછાત ગરીબ દેશોમાં ચાલુ છે. જેઓ આવી રીતે કમાવાની વૃત્તિ રાખે છે તેની જાણ ઘરાકોને મોડીવહેલી થયા વગર રહેતી નથી અને એક વખત અવિશ્વાસ જન્મે એટલે સરવાળે એના વેપારને નુકસાન પહોંચે છે. આવી બાબતમાં પ્રામાણિકતા રાખી, પોતાની શાખ જન્માવી માણસ વધુ કમાઈ શકે છે.

૫. પ્રતિરૂપક – એટલે તેના જેવી હલકી વસ્તુ ભેળવીને લાભ ઉઠાવવો. અનાજ, ઘી, દૂધ, તેલ, મરી-મસાલા, દવાઓ, રેતી-ચૂનો, સિમેન્ટ, પેટ્રોલ વગેરે પ્રત્યેક વસ્તુમાં બનાવટ થઈ શકે છે. માણસની બુદ્ધિ જ્યારે અવળે રસ્તે ચાલે છે અને દગો કરીને કમાઈ લેવાની વૃત્તિ જોર કરે છે ત્યારે ભેળસેળ કરવાનું એને મન થાય છે.

'વંદિત્તુ સૂત્ર'માં ત્રીજા અણુવ્રતના આ પાંચ અતિચાર વિશે નીચે પ્રમાણે ગાથા આપવામાં આવી છે :

**तेनाहडप्पओगे तप्पडिरूवे विरुद्ध गमणे अ ।**
**कूड तूल्ल कूडमाणे पडिक्कमे देसिअं सव्वं ।।**

(સ્તેનાહૃત, સ્તેનપ્રયોગ, તત્પ્રતિરૂપ, વિરુદ્ધગમન, કૂટ તોલમાપ એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચ અતિચારનું હું પ્રતિક્રમણ કરું છું.)

પ્રતિક્રમણમાં શ્રાવકો માટેના આ વ્રતના અતિચારો કેવા કેવા છે તે વર્ણવતાં કહ્યું છે :

'ત્રીજે સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રતે પાંચ અતિચાર. તેનાહડપ્પાઓગે ઘર બાહિર ક્ષેત્રે ખલે પરાઈ વસ્તુ અણમોકલી લીધી, વાવરી, ચોરાઈ વસ્તુ વહોરી, ચોર-ઝાડ પ્રત્યે સંકેત કીધો, તેહને સંબલ દીધું, તેહની વસ્તુ લીધી, વિરુદ્ધ રાજ્યાતિક્રમ કીધો, નવા, પુરાણા, સરસ, વિરસ, સજીવ, નિર્જીવ વસ્તુના ભેળસંભેળ કીધાં, કૂડે કાટલે, તોલે, માને, માપે વહોર્યા, દાણચોરી કીધી, કુણહીને લેખે વરાંસ્યો, સાટે લાંચ લીધી, કૂડો કરહો કાઢ્યો, વિશ્વાસઘાત કીધો. પરવંચના કીધી પાસંગ કૂડાં કીધાં, દાંડી ચડાવી, લહકે-ત્રહકે, કૂડાં-કાટલાં માન-માપાં કીધાં, માતા, પિતા, પુત્ર, મિત્ર, કલત્ર વંચી કુણહીને દીધું, જુદી ગાંઠ કીધી, થાપણ ઓળવી, કુણહીને લેખે-પલેખે ભૂલવ્યું. પડી વસ્તુ ઓળવી લીધી.'

ચોરી કરનાર, ચોરી કરાવનાર અને ચોરી કરનારની અનુમોદના કરનાર એ ત્રણે અદત્તાદાન, ચૌર્યકર્મના દોષી છે. આ મુખ્ય ત્રણ પ્રકારનું વિગતવાર પૃથક્કરણ કરીને ચોરના નીચે પ્રમાણે પ્રકાર બતાવવામાં આવે છે. શાસ્ત્રકાર લખે છે :

**चौरश्चौरापको मंत्री भेदज्ञः काणकक्रयी ।**
**अन्नदः स्थानदश्चेति चौरः सप्तविधः स्मृतः ।।**

ચોરના આ રીતે સાત પ્રકાર બતાવવામાં આવ્યા છે, જેમ કે :

(૧) ચોર – જે ચોરી કરે છે તે ચોર.

(૨) ચૌરાપક – ચોરોની સાથે રહેનારો, ચોરને ચોરી માટે જરૂરી વસ્તુઓ લાવી આપનારો.

(૩) મંત્રી – ચોરની સાથે મંત્રણા કરનાર. તેને રસ્તા અને યુક્તિ-પ્રયુક્તિ બતાવનાર, અમુક ચોરીમાં રહેલાં લાભાલાભ સમજાવનાર, ચોરને શુકન-અપશુકન કહેનાર, ચોરી કરવા માટે સંમતિ આપનાર, ઇત્યાદિ.

(૪) ભેદજ્ઞ – ચોરી વિશે જરૂરી માહિતી મેળવી આપનારો. અમુક રસ્તામાં, અમુક ઘરમાં આજે કોઈ નથી. અમુક કબાટમાં ઘરેણાં છે. તેની ચાવી અમુક જગ્યાએ રહે છે. અમુક વખતે માલિક આવે છે અને અમુક વખતે બહાર જાય છે. આવી આવી ગુપ્ત માહિતી મેળવીને તે ચોરને જણાવનાર તે ભેદજ્ઞ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) કાણકક્કયી – આ ચોરીનો માલ છે એ જાણીને તે સસ્તા ભાવે લઈ લેનાર અને તે વેચીને નફો કમાનાર એટલે કે ચોરે ચોરેલી વસ્તુઓનો વેપાર-ધંધો કરનાર.

(૬) અન્નદ – ચોરને ખાવાનું આપનાર.

(૭) સ્થાનદ – ચોરને પોતાને ઘરે આશ્રય આપનાર, ચોરને સંતાવા માટે કોઈ સ્થાને વ્યવસ્થા કરાવી આપનાર.

જાતે ચોરી ન કરવી પણ વિવિધ હેતુ માટે વિવિધ રીતે ચોર લોકોની સાથે સંલગ્ન રહેનાર અને સહાય કરનાર માણસ પણ ચોર જેવો જ ગણાય. શ્રી અભયદેવસૂરિએ એવી જાતના ચોરના ૧૮ પ્રકાર જણાવ્યા છે. અદત્તાદાન વિરમણ વ્રતના જે અતિચારો છે તે અતિચારો પણ શ્રાવકે ત્યજવા જોઈએ. એ અતિચાર પણ પોતાનાથી ન થાય એવી સાવધાની રાખવા માટે ચોરીની જે અઢાર પ્રસૂતિઓ અથવા ચોરીની જનની ગણાવવામાં આવે છે, તેનું સેવન શ્રાવકે ન કરવું જોઈએ. ચોરીના આવા અઢાર પ્રકાર અથવા આ અઢાર પ્રસૂતિ તે નીચે પ્રમાણે છે :

भलनं कुशलं तर्जा राजभोग्याऽवलोकनं ।
अमार्गदर्शनं राय्या पदभंगस्तथैव च ।।
विश्रामपादपतनं चासनं गोपनं तथा ।
खंडस्य खादनं चैव तथान्य न्महाराजिकं ।।
पद्यग्न्युदकरज्जूनां प्रदानं ज्ञानपूर्वकं ।
एताः प्रसूतयोज्ञेया अष्टादश मनीषिभिः ।।

૧. ભલન ૨. કુશલ ૩. તર્જા ૪. રાજભોગ ૫. અવલોકન ૬. અમાર્ગદર્શન ૭. શય્યા ૮. પદભંગ ૯. વિશ્રામ ૧૦. પાદપતન ૧૧. આસન ૧૨. ગોપન ૧૩. ખંડખાદન ૧૪. માહારાજિક ૧૫. પદ્મી ૧૬. અગ્નિ ૧૭. ઉદક ૧૮. રજ્જુ.

૧. ભલન – એટલે ચોરોની સાથે ભળી જવું. ચોરને કહે કે 'તું ચિંતા કરીશ નહીં, હું તારી સાથે જ છું. તને કંઈ થાય તો હું બેઠો છું.' આવાં આવાં ગુપ્ત વચનથી ચોરને પ્રોત્સાહિત કરે અને બહારથી પોતે અજાણ હોય તેવો દેખાવ કરે.

૨. કુશલ – એટલે ચોરી કરનારને તેમની ક્ષેમ કુશળતા વિશે પૂછે, તેમનાં સુખદુઃખની વાતથી પોતાને માહિતગાર રાખે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. તર્જા – એટલે હસ્તાદિકની ચેષ્ટા. આંગળીઓના અમુક પ્રકારના સંકેતો ચોરની સાથે નક્કી કરી વખત આવ્યે તેવા ઇશારાથી ચોરને માહિતગાર કરવા કે સાવધાન કરવા.

૪. રાજભોગ્ય – એટલે જે દ્રવ્યના ભોગનો અધિકાર રાજ્યનો હોય અર્થાત્ કરવેરારૂપ હોય તે ભાગ રાજ્યને ન આપવો. ચીજવસ્તુઓના સોદાઓમાં સરકારી કરવેરા બચાવવા માટે ભાવ ઓછા બતાવવા, માલ હલકો બતાવવો વગેરે પ્રકારની કરચોરી કરવી. ('રાજભોગ્ય' શબ્દને બદલે 'રાજભોગ' શબ્દ પણ પ્રયોજાય છે, પણ અર્થ એનો એ જ રહે છે.)

૫. અવલોકન – અવલોકન કરીને ચોરને ચોરી કરવાનાં ઠેકાણાં બતાવે. ચોરીના માલનું અવલોકન કરે એટલે કે એનું સાવચેતીપૂર્વક ધ્યાન કરે, ચોરને પણ ફસાવવાની દૃષ્ટિએ, તેનો ચોરેલો માલ મફતમાં પડાવી લેવા માટે સૂક્ષ્મ અવલોકન કરી યુક્તિ પ્રયુક્તિઓ વિચારે.

૬. અમાર્ગદર્શન – ચોર ચોરી કરવા માટે જે દિશામાં ગયા હોય અથવા ચોરી કરીને જે માર્ગે ભાગી ગયા હોય તે વખતે પોતાને ખબર હોવા છતાં ચોરને પકડવા નીકળેલાને જાણીજોઈને અવળી દિશા બતાવવી.

૭. શય્યા – ચોર ચોરી કરીને રાતના વખતે આવ્યો હોય અથવા હજુ તેના ચોરી કરવાનો સમય ન થયો હોય ત્યાં સુધી તેને સૂવા માટે પોતાના ઘરમાં, દુકાનમાં, વખારમાં કારખાના વગેરેમાં, સગવડ કરી આપવી.

૮. પદભંગ – પદભંગ એટલે પગલાં ભૂંસવાં અથવા પગ ભાંગવો. ચોર ચોરી કરવા ગયો હોય અને ક્યાંકથી કૂદતાં પગ ભાંગી ગયો હોય અથવા પગે બહુ વાગ્યું હોય અને ચલાતું ન હોય ત્યારે તેને પોતાના મુકામે પહોંચાડવા માટે વાહન વગેરેની વ્યવસ્થા કરી આપવી. વળી, જૂના વખતમાં અને હજુ પણ નાનાં ગામડાંઓમાં ધૂળમાં ચોરના પગલાં પડ્યાં હોય અને સિપાઈઓ કે બીજા તે પગલાંને અનુસરી પગેરું શોધવાનો પ્રયત્ન કરે તે પહેલાં પોતે ચાલીને અથવા ગાય-ભેંસને ચલાવીને એ પગલાં ભૂંસવાનો પ્રયત્ન કરવો કે જેથી ચોર કયા માર્ગે ગયો છે તે પકડાય નહીં.

૯. વિશ્રામ – ચોર ચોરી કરીને આવ્યો હોય અને થાકી ગયો હોય તો તેને આરામ કરવા માટે પોતાને ત્યાં સગવડ કરી આપવી.

૧૦. પાદપતન – એટલે પગમાં પડવું. ચોરીના માલથી પોતાને એટલો બધો લાભ થતો હોય કે પોતે અને સ્વજનો ચોર પ્રત્યે કે ચોરોના સરદાર પ્રત્યે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અત્યંત ગૌરવપૂર્વક જુએ, એને આદરમાન આપે અને તે એટલી હદ સુધી કે ચોરના પગમાં પડીને નમન કરે.

૧૧. આસન – ચોરને બેસવા માટે આસન આપે. જરૂર પડે તો પોતે ઊભા થઈ જાય અને ચોરને બેસવા માટે આસન આપે. આ રીતે ચોરની આગતાસ્વાગતા કરે.

૧૨. ગોપન – ચોરને પોતાને ત્યાં સંતાડવો તે ગોપન. તદુપરાંત ચોર પોતાને ત્યાં હોય અથવા ચોર ક્યાં સંતાયો તેની પોતાને ખબર હોય છતાં એ વાતનું ગોપન કરવું.

૧૩. ખંડખાદન – ચોરને મિષ્ટાન્ન વગેરે ખવડાવવાં. ચોરની મહેમાનગતિ માટે સરસ ભોજન કરાવવાં, ચોરની સાથે જમવા બેસવું, ચોરને સરસ ભાતું બાંધી આપવું, ઇત્યાદિ.

૧૪. માહારાજિકં – એટલે રાજાયોગ્ય હોય એટલી હદ સુધીનું એટલે કે રાજ્યને વાંધો ન હોય ત્યાં સુધી ચોરને માનસન્માન આપવું. (પાઠાંતર 'મોહરાજિક' હોય તો મોહાંધ બનીને ચોરને એવી સલાહસૂચના આપવી એવો અર્થ પણ ઘટાવાય છે.)

૧૫. પદ્દી – ચોરને હાથપગ ધોવા માટે સાબુ, તેલ, વસ્ત્ર વગેરે આપવાં.

૧૬. અગ્નિ – ચોરને રસોઈ વગેરે કરવા માટે અગ્નિ આપવો અથવા એના શરીરે ક્યાંય દુઃખતું હોય તો તે માટે શેક કરવા માટે અગ્નિની વ્યવસ્થા કરી આપવી.

૧૭. ઉદક – ચોરને પીવા માટે પાણી આપવું, તે થાકેલો હોય તો સ્નાન વગેરે માટે ઠંડું કે ગરમ પાણી આપવું.

૧૮. રજ્જુ – એટલે દોરડું. ચોરીનો માલ બાંધવા માટે દોરી-દોરડાં આપવાં. માલ મેડા પર ચડાવવો હોય તો તે માટે દોરડાની વ્યવસ્થા કરી આપવી. ચોર ઘોડો, બળદ, બકરી વગેરે ચોરી લાવ્યાં હોય તો તેને બાંધવા માટે દોરડું આપવું.

આમ, ચોરી કરવાના અને ચોરને સહાય કરવાના અનેક પ્રકારો છે. જેઓને સદાચારી જીવન શાંતિપૂર્વક જીવવું હોય તેઓએ પોતાની જાતને આવી હલકી અને પાપરૂપ પ્રવૃત્તિમાં જોડવી ન જોઈએ.

બાર વ્રતની પૂજામાં શ્રી વીરવિજયજી મહારાજે ઉપદેશાત્મક શૈલીએ ચોરી ન કરવા વિશેષ સરસ સમજાવતાં કહ્યું છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વામી અદત્ત કદાપિ ન લીજે,
ભેદ અઢારે પરિહરિએ રે.
ચિત્ત ચોખે ચોરી નવ કરીએ રે.
નવિ કરીએ તો ભવજળ તરીએ રે.
સાત પ્રકારે ચોર કહ્યા છે.
તૃણ, તુષ માત્ર કર ન ધરીએ રે.
રાજદંડ ઉપજે તે ચોરી,
નાનું પડ્યું વળી વિસરીએ રે.
કૂડે તોલે કૂડે માપે,
અતિચારે, નવિ અતિચરીએ રે.
આ ભવ પરભવ ચોરી કરતાં
વધ બંધન જીવિત હરીએ રે.
ચોરીનું ધન ન ઠરે ઘરમાં
ચોર સદા ભૂખે મરીએ રે.
ચોરનો કોઈ ધણી નવિ હોવે,
પાસે બેઠા પણ ડરીએ રે.
પરધન લેતાં પ્રાણ જ લીધા
પંચેન્દ્રિય હત્યા વરીએ રે.

જગતમાં બધા જ ધર્મોએ ચોરીની નિંદા કરી છે. પ્રશ્નવ્યાકરણમાં કહ્યું છે :

अदत्तादाणं अकित्तिकरणं अणज्जं साहुगरणिज्जं पियजणमित्तजण — भेदविप्पीतिकारकं रागदोसबहुलं ।

[ અદત્તાદાન (ચોરી) એ અપકીર્તિ કરાવનારું અનાર્ય કાર્ય છે, બધા જ સાધુ-સંતોએ એની નિંદા કરી છે, પ્રિયજનો અને મિત્રોમાં એ અપ્રીતિ અને ભેદભાવ કરાવનાર, ફાટફૂટ પડાવનાર છે અને રાગદ્વેષથી તે ભરપૂર છે.]

ચોરી કરતાં પકડાયેલાને એનાં કડવાં ફળ ભોગવવાં જ પડે છે. આ એક એવું પાપ છે કે જો તે પકડાય તો આ ભવમાં જ તેના ફળ ભોગવવાનાં આવે છે. સામાન્ય જનસમૂહની ખાંસિયત એવી છે કે ચોરી કરતાં કોઈને જોતાં કે પકડાઈ જતાં લોકો ચોરને મારવા લાગે છે. ક્યારેક તો લોકો ભેગા મળીને એટલું બધું મારે છે કે ચોર ત્યાં ને ત્યાં જ મૃત્યુ પામે છે. ચોર ચોરી કરીને ભાગી જાય, પરંતુ પાછળથી જ્યારે પકડાય છે અને એની ચોરી પુરવાર થાય છે ત્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એને સજા થાય છે. એ સજા જેલની હોય છે અને ઘણી મોટી ભયંકર ચોરીમાં તો દેહાંતદંડની સજા પણ થાય છે. ઉશ્કેરાયેલો ચોર કોઈનું ખૂન પણ કરી બેસે છે તો એને ચોરી અને ખૂનની ભેગી સજા થાય છે. દાણચોરી કરનાર કે લશ્કરની ગુપ્ત માહિતીની ચોરી કરનાર, જાસૂસી કરનાર બીજા રાજ્યના ચોરને આવી દેહાંતદંડની સજા સવિશેષ થાય છે. આમ તાડન, મારણ, બંધન અને વધ એ આ ભવમાં જ મળતું ચોરીનું ફળ છે. કહ્યું છે કે :

**चौर्यपापद्रुमस्येह वधबन्धादिकं फलम् ।**
**जायते परलोके तु फलं नरक वेदना ।**

[ચોરીરૂપી પાપવૃક્ષનાં ફળ આ જન્મમાં વધ, બંધન વગેરે રૂપે થાય છે. અને પરલોકમાં નરકની વેદનારૂપી ફળ થાય છે.]

અપયશ અને અવિશ્વાસ એ ચોરને થતી સામાજિક સજા છે. ચોરી કરનાર માણસની આબરૂ ખલાસ થઈ જાય છે. વ્યવસાયમાં તેનો કોઈ વિશ્વાસ કરતું નથી. ખુદ ચોર પણ બીજા ચોરનો વિશ્વાસ કરતો નથી. કૌટુંબિક તથા સામાજિક દૃષ્ટિએ પણ એને ઘણું સહન કરવાનું આવે છે. ક્યારેક પોતાની થયેલી અપકીર્તિ માટે માણસને એટલું બધું લાગી આવે છે કે તે આપઘાત કરવા સુધીનું પગલું ભરી બેસે છે.

ચોરી કરનાર વ્યક્તિ તો સમાજમાં બદનામ થાય છે. પરંતુ ચોર લોકોની સાથે સંગત રાખનારા અથવા ચોરની સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ કે વ્યવહાર રાખનારાઓની પ્રતિષ્ઠા પણ જોખમાય છે. પોતાના કુટુંબની એક વ્યક્તિ ચોરી કરતાં પકડાય તો સમગ્ર કુટુંબને ઘણી બધી બાબતોમાં સહન કરવાનું આવે છે.

ચોરી એક વાર કે ઘણી વાર કરે અને પોતે જીવનના અંત સુધી પકડાય નહીં તો પણ પોતે કરેલાં પાપનું, અશુભ કર્મનું ફળ તો આ ભવમાં કે પરભવમાં ભોગવવાનું આવે છે. એ દુઃખ ઘણી જુદી જુદી રીતે આવી શકે છે. દરિદ્રતા, દૌર્બલ્ય, કુટુંબ-કલેશ, શારીરિક પીડા વગેરે રૂપે પણ એ ફળ ભોગવવાનાં આવે છે. दौर्भाग्यं च दरिद्रत्वं लाभते चौर्यतो नरः । ચોરી કરનાર મનુષ્ય છેવટે દુર્ભાગ્ય અને દરિદ્રતા પામે છે.

શાસ્ત્રકારોએ કહ્યું છે :

**इहएव खरारोहण गिरहा धिक्कार मरण पज्जतं ।**
**दुःखं तक्कर पुरिसा लहंति निरयं परभवम्मि ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**निरयाऊ उ वहुंता केवड्डाकुक्कुट मंट बहिरंधा ॥**
**चोरिक्क वसण निहया हुंति नरा भव सहस्सेसु ॥**

[ચોરને આ ભવમાં ગધેડા પર બેસવાનો વખત આવે, તેની નિંદા થાય અને મરણ પર્યંત સૌ કોઈ તેને ધિક્કારે. ચોર લોકો આ ભવમાં એવાં ભયંકર દુ:ખો પામે અને પરભવને વિશે તો નરકગતિ જ પામે.

વળી, તે ચોર પુરુષનો જીવ નરકગતિમાંથી નીકળીને લૂલો, લંગડો, બહેરો, આંધળો થાય. ચોરી કરવારૂપ વ્યસનથી હણાયેલા તે પુરુષો હજારો ભવને વિશે તે રીતે દુ:ખી થાય.]

'જ્ઞાનાર્ણવ'માં કહ્યું છે :

**विशन्ति नरकं धोरं दु:खज्वालाकरालितं ।**
**असूत्र नियते मूढा: प्राणिनश्चौर्यचर्विता: ॥**

[ચોરી કરવાવાળો મૂઢ માણસ દુ:ખરૂપી જ્વાળાથી કરાલ એવા નરકમાં નિશ્ચિતપણે પ્રવેશે છે.]

**गुणा गौणत्वमायान्ति याति विद्या विडम्बनाम् ॥**
**चौर्यणाऽकीर्तय: पुसां शिरस्यादधते पदम् ॥**

[ચોરી કરવાથી માણસના સદ્ગુણો ગૌણ બની જાય છે, એની વિદ્યાની વિડંબના થાય છે, અને અપકીર્તિ એના માથા ઉપર ચડી બેસે છે.]

ચોરીની સાથે કેટલીક દુર્વૃત્તિઓ સહજ રીતે સંકળાયેલી હોય છે. બીજાને ત્રાસ આપવો, ભય બતાવવો, નિર્દય થવું, ખૂન કરવું, આગ લગાડવી, પરસ્પર કલેશ ઉત્પન્ન કરાવવો, લોભ, આસક્તિ, અતૃપ્ત વાસના, અપયશ, અનાર્યતા, દિવસ-રાતના કાળની વિષમતા, છળ, પ્રપંચ, ચિંતા, તર્કવિતર્ક, કપટ, ધૂર્તતા, શઠતા, મદિરાપાન, મંત્રતંત્રના પ્રયોગો, સંતોથી વિમુખતા, પાપાચરણની ઉત્તરોત્તર વૃદ્ધિ, અવિશ્વાસ, વૈરવૃદ્ધિ, માંહોમાંહે મારામારી, અને છેવટે મૃત્યુ અને નરકગતિ સુધીની શક્યતાઓ તેમાં રહેલી છે.

ચોરીની શિક્ષા જુદાં જુદાં રાજ્યોમાં જુદી જુદી હોય છે. કોઈ રાજ્ય એવું નહીં હોય કે જ્યાં ચોરી માટે સજા ન હોય. સમાજવ્યવસ્થા માટે તથા ન્યાયતંત્રના પ્રવર્તન માટે ચોરીના અપરાધીને સજા થવી જરૂરી છે. વળી, ચોરી કરનારને લોકો મારતા પણ હોય છે. આથી ચોરી કરનારના મનમાં ભય રહે છે. કેટલાયે માણસો આવા ભયને કારણે ચોરી નથી કરતા. પરંતુ એમ કરતાં કરતાં જ ચોરી કરીને કોઈ વસ્તુ મેળવવા માટેની એમની પ્રીતિ ઘટી જાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. નાનાં બાળકોમાં પણ સારા સંસ્કાર પડ્યા હોય તો પરાઈ વસ્તુ ચોરી લેવાનું કુદરતી રીતે જ એમને મન નહીં થાય.

કેટલાક લોકો ચોરી કરે છે, પણ એ રકમમાંથી સારું દાન પણ આપે છે અને દલીલ કરતાં કહે છે કે, 'અમારે સંજોગાનુસાર ચોરી કરવી પડે છે. પણ અમે દાન આપીને કેટલાંયે ગરીબ કુટુંબોનું ભરણપોષણ પણ કરીએ છીએ. અમે જો ચોરી ન કરીએ તો એ કુટુંબોને ભૂખે મરવાનો વખત આવે.' આવી દલીલ કરવી તે નર્યું અજ્ઞાન છે. એમાં માત્ર સ્વબચાવ માટે કુતર્ક રહેલો છે. ન્યાયથી ધન ઉપાર્જન કરવું એ મનુષ્યનું પ્રથમ કર્તવ્ય છે. એ જો ચૂક્યા તો પછી બીજી બાબતોમાં ક્યારે મર્યાદા ચૂકી જવાશે તે કહી શકાય નહીં. દાનનું પુણ્ય તો જ્યારે મળશે ત્યારે મળશે, પણ એ પહેલાં ચોરીનું પાપ તો અવશ્ય થાય છે, જે ભોગવ્યા વગર છૂટકો નથી.

ઇરાદાપૂર્વક માણસે ચોરી ન કરી હોય પણ કોઈની પડી ગયેલી કે ભુલાઈ ગયેલી વસ્તુ રસ્તામાંથી જડે તો તે ઉપાડી લેવા માટે માણસનું મન લલચાય છે. આવી બિનવારસી, unclaimed ચીજવસ્તુ પણ પ્રામાણિક માણસે ગ્રહણ ન કરવી જોઈએ. શ્રી હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર'માં કહ્યું છે :

पतितं विस्मृतं नंष्टं स्थितं स्थापितमाहितम् ।
अदत्तं नाददीत स्वं परकीयं क्वचित् सुधीः ।।

[પડી ગયેલું, ભૂલાઈ ગયેલું, નષ્ટ થઈ ગયેલું, ખોવાઈ ગયેલું વગેરે પ્રકારનું, ઘરમાં રહેલું, બીજે ક્યાંક રાખેલું એવું બીજાનું ધન સારી મતિવાળાએ ક્યારેય ન લેવું જોઈએ.]

મહાભારતમાં પણ કહ્યું છે :

यावज्जठरं भ्रियते तावत् स्वत्वं हि देहिनाम् ।
अधिकं योऽभिमन्यते सस्तेनो दण्डमर्हति ।।

પોતાનું પેટ ભરવાને માટે જેટલું જોઈએ તેટલા ઉપર જ પ્રાણીઓનો અધિકાર (સ્વત્વ) છે. એથી વધારે મેળવવાની જે અભિલાષા કરે છે તે ચોર છે અને તે સજાને પાત્ર છે.

अन्यायप्रभवं वित्तं मा गृहाण कदाचन ।
वरभस्तु तदादाने लाभैवास्तुदूषणम् ।।

[અન્યાયથી ઉત્પન્ન થયેલું ધન ક્યારેય મેળવવું નહીં. તે મેળવવામાં ફક્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાભ જ દેખાતો હોય ને તે સિવાય બીજી કોઈ વસ્તુની સંભાવના ન હોય તો પણ તે ન ગ્રહણ કરવું.]

नीतिं मनः परित्यज्य कुमार्ग यदि धावते ।
सर्वनाशं विजानीहि तदा निकटं संस्थितम् ।।

[જ્યારે ચિત્ત નીતિનો ત્યાગ કરીને અનીતિના કુમાર્ગ તરફ ધસે છે તો સમજવું કે સર્વનાશ નિકટ રહેલો છે.]

લોકવ્યવહારમાં પણ સુભાષિતકારે કહ્યું છે :

अन्यायोपार्जितं द्रव्यं दश वर्षाणि तिष्ठति ।
प्राप्ते चैकादशे वर्षे समूलं च विनश्यति ।।

[અન્યાયથી મેળવેલું ધન દસ વર્ષ સુધી ટકે છે, અગિયાર વર્ષ થતાં તો મૂળ સાથે તે નાશ પામે છે.]

શાસ્ત્રકારોએ ચોરીની નિંદા તો ત્યાં સુધી કરી છે કે એક અપેક્ષાએ હરણ કે ડુક્કરનો ઘાત કરનાર કે પરસ્ત્રીગમન કરનારના પાપ કરતાં પણ ચોરીનું પાપ ઘણું મોટું છે.

પોતાના હકનું જે નથી તેવું કશું જ પોતાને જોઈતું નથી અને કોઈએ વિધિસર ન આપેલી કોઈ પણ ચીજવસ્તુ પોતાને ખપતી નથી એવી અંતરમાં ભાવના રહે તો તેવી વ્યક્તિનું જીવન આ બાબતમાં સહજ રીતે શુદ્ધ રહે છે. જેઓ રાજ્યભય કે સામાજિક અપજશને લીધે ચોરી કરતા નથી તેના કરતાં પકડાયા વગર ચોરી કરવાની સરસ તક મળી હોય છતાં માણસ ચોરી ન કરે તે વધુ ચડિયાતો છે. અંતરમાં ત્યાગ અને નિઃસ્પૃહીપણું સતત જાગૃત હોય તો જ આમ બની શકે છે. ધર્મશ્રદ્ધાથી એવા ગુણો વધુ દૃઢ થાય છે. ભગવાન મહાવીરે તો કહ્યું છે કે સાધુઓએ તો આ વ્રત એટલી હદ સુધી પાળવું જોઈએ કે પોતે રસ્તામાં વિહાર કરતા ચાલ્યા જતા હોય અને તે વખતે દાંતમાં કંઈ કચરો ભરાયો હોય અને દુઃખવા આવે તે વખતે દંતશોધન તરીકે ઝાડ પરથી તોડીને કે નીચે પડેલી વીણીને નાનીસરખી ડાંખળી લઈને દાંતખોતરણી તરીકે ઉપયોગ કરે તો પણ અદત્તાદાન વિરમણ વ્રત દૂષિત થાય. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે :

दंतसोहणमाइस्स अदत्तस्स विवज्जणं ।
उणवज्जेसाणिज्जतस्स गिण्हाणा अदि दुक्करं ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[દાંત ખોતરવાની સળી પણ અદત્ત હોય તો ન લેવી જોઈએ. આપેલી વસ્તુ પણ અનવદ્ય અને એષણીય હોય તે જ ગ્રહણ કરવાનું વ્રત ઘણું કઠિન છે.]

અદત્તાદાન વિરમણની ભાવનાને જૈન ધર્મ એટલી ઊંચાઈએ લઈ જાય છે કે 'પ્રશ્ન વ્યાકરણ'માં તો ત્યાં સુધી કહ્યું છે કે असंविभागी, असंगहरुई... अप्पमाणभोई... से तारिसए नाराहए वयमिणं । જે અસંવિભાગી છે, અસંગ્રહરુચિ છે, જે અપ્રમાણભોગી છે તે આ અદત્તાદાન વિરમણ વ્રતની સાચી આરાધના કરી શકતો નથી. વળી કહ્યું છે : संविभागसीले संगहोग्गकुसले । 'જે સંવિભાગશીલ છે અને સંગ્રહ તથા ઉપગ્રહમાં કુશળ છે તે આ વ્રતની સારી રીતે આરાધના કરી શકે છે. પોતે પ્રાપ્ત કરેલાં ધનસંપત્તિમાં કે નાનીમોટી ચીજવસ્તુઓમાં કે ભોજનાદિની સામગ્રીમાં જે બીજાનો ભાગ રાખતો નથી, જે સંગ્રહ રુચિવાળો નથી એટલે કે બીજાને માટે ઓછું-વત્તું બચાવવાની વૃત્તિવાળો નથી, જે અમર્યાદ ભોગપભોગમાં રાચે છે, પોતાની આવશ્યકતા કરતાં વધુ ભોગવવાની ઇચ્છા રાખે છે તે અદત્તાદાન વિરમણ વ્રતનો ભંગ કરે છે. જૈન ધર્મની દૃષ્ટિએ જે પોતાનું કમાયેલું ધન બધું જ એકમાત્ર પોતે જ ખાય છે તે સમાજનો ચોર છે. દુનિયાના કોઈ ધર્મમાં અસ્તેય વ્રતની આવી ઊંચી ભાવના બતાવવામાં આવી નથી. વ્યક્તિગત કક્ષાએ કેટલાયે એવા જૈનો હશે કે જે આવી સ્વાર્થી વૃત્તિવાળા હશે. એવા અન્ય ધર્મમાં પણ જોવા મળશે. પરંતુ તેથી ધર્મની આ ઊંચી ભાવના અયોગ્ય છે એમ ન કહી શકાય. આ ભાવના તે સમાજજીવનનો એક ઊંચો આદર્શ તો છે જ, પરંતુ મોક્ષમાર્ગના સાધક માટે પણ એ ભાવના એટલી જ ઉપયોગી છે. એ ભાવનાને જીવનમાં ઉતારવાનો પુરુષાર્થ કરનારને અને મોક્ષમાર્ગના સાચા સાધકને એમાં ઘણું ઊંડું રહસ્ય રહેલું જણાશે. ભગવાન મહાવીરે જેમનું સામાયિક વ્રત વખાણ્યું છે એવા પુણિયા શ્રાવકની અદત્તાદાન વિરમણ વ્રતની સાધના એટલી ઊંચી કોટિની હતી કે પોતે તો કશું એવું ગ્રહણ ન કર્યું હોય, પણ પોતાના ઘરમાં અજાણતાં કશું આવી ગયું હોય તો પણ સામાયિક દરમિયાન એમના ચિત્તની સ્થિરતામાં વિક્ષેપ પડતો અને પોતાને તરત વહેમ પડતો કે કશુંક અદત્ત ઘરમાં આવી ગયું છે.'

ચોરીનું પાપ ઘણું મોટું છે અને વિપાકે ઘણું દુઃખ આપે એવું છે, તો પણ એવું નથી કે એ પાપમાંથી નિવૃત્ત ન થઈ શકાય. એક વખત ચોરી કરી એટલે આખી જિંદગી નકામી થઈ ગઈ એવું નથી. ચોરીની પોતે કરેલી ભૂલ માણસને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમજાઈ જાય અને તેને માટે પશ્ચાતાપ કરી પ્રાયશ્ચિત લે તો તે પોતાના જીવનને સુધારી શકે છે. એવા જીવો પોતાના આત્માનું અવશ્ય કલ્યાણ કરી શકે છે, અરે ! તદ્દ્ભવે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મુક્તિ મેળવી શકે છે. રોહિણેય ચોર, દૃઢપ્રહારી, પ્રભવ ચોર (જે પછીથી જંબુસ્વામીની સાથે દીક્ષા લઈ એમની પાટે પ્રભવસ્વામી તરીકે આવે છે) વગેરેનાં ઉદાહરણો સુપ્રસિદ્ધ છે.

સાધુ ભગવંતોએ મહાવ્રતોનું પાલન મન, વચન, કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું એમ નવ કોટિએ કરવાનું હોય છે. આ ત્રીજા મહાવ્રત માટે શાસ્ત્રમાં પાંચ ભાવના બતાવવામાં આવી છે.

**मितोचिताभ्यनुज्ञातग्रहणान्यग्रहोऽन्यथा ।**
**संतोषो भक्ततपाने च तृतीयव्रतभावना: ।।**

સાધુઓએ અસ્તેય મહાવ્રતનું પાલન કરવાનું છે. એટલે તેઓએ પોતાના આહારની બાબતમાં પણ આ વ્રતનું પાલન બરાબર થાય એ માટે નીચેની પાંચ પ્રકારની ભાવનાનું સચ્ચાઈપૂર્વક સેવન કરવાનું હોય છે :

૧. મિત આહાર – સાધુઓએ પરિમિત આહાર લેવાનો હોય છે. પેટ ભરીને જમવું એ સાધુનું લક્ષણ નથી. એથી પ્રમાદ અને અસંયમ તરફ ચિત્ત દોડે છે. પરિમિત આહારથી સંયમનું પાલન સારી રીતે થઈ શકે છે અને પ્રમાદ વગેરે પણ રહેતાં નથી. સ્વાધ્યાય, ધ્યાન, ધર્મક્રિયા વગેરેમાં ચિત્ત પ્રસન્નતાપૂર્વક પરોવાયેલું રહે છે. જે સાધુઓ અપરિમિત આહાર કરે છે તેઓ સીધી કે આડકતરી રીતે અસ્તેય મહાવ્રતની ભાવનાનું ખંડન કરે છે.

૨. ઉચિત આહાર – ગૃહસ્થ કરતાં પણ સાધુઓએ પોતાના આહારની બાબતમાં વધુ સૂક્ષ્મ દૃષ્ટિથી ચીવટ રાખવાની હોય છે. ગૃહસ્થો માટે અનંતકાય, અભક્ષ્ય વગેરે આહાર જે ગણાય છે તે સાધુઓ માટે વર્જ્ય છે જ, પરંતુ રસલોલુપતા વધે, વિકાર ઉત્પન્ન થાય એવો આહાર પણ સાધુ માટે વર્જ્ય છે. વળી પોતાના શરીરની પ્રકૃતિને પણ લક્ષમાં રાખી એવો યોગ્ય આહાર જ સાધુએ લેવો જોઈએ.

૩. અભ્યનુજ્ઞાતગ્રહણ – સાધુઓએ પોતાના આચારનું બરાબર પાલન કરવું હોય તો શ્રાવકો પધારવા માટે વિનંતી કરે તે પછી જ તેમને ત્યાં આહાર લેવા – ગોચરી વહોરવા જવું જોઈએ.

૫. ભક્તપાન સંતોષ – સાધુઓએ પોતાને ગોચરીમાં જે પ્રકારનો આહાર જેટલા પ્રમાણમાં મળ્યો હોય તેમાં સંતોષ માનવો જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ આહાર માટે તેમ પોતાનાં ઉપકરણો માટે પણ અચૌર્ય વ્રતના સૂક્ષ્મ પાલન અર્થે સાધુઓએ કેટલાક નિયમોનું પાલન કરવું જોઈએ, જેમ કે (૧) સાધુએ પોતાને માટે જરૂરી એવાં ઉપકરણો એના સ્વામીની રજા વગર લેવાં નહીં. (૨) સ્વામીની રજાથી મેળવેલાં ઉપકરણોમાં પણ આસક્તિ રાખવી નહીં. (૩) ઉપકરણો આપનાર ભક્ત ગમે તેટલાં ઉપકરણો આપવાનો આગ્રહ રાખે, પણ પોતાના ખપ કરતાં વધુ ઉપકરણો લેવાં નહીં. લેવા માટે મોઢેથી ના કહેવી પણ મનમાં લાલચ કે આસક્તિ રાખવી એવું પણ ન કરવું. (૪) પોતાને જે ઉપકરણો જોઈતાં હોય તે ઉપકરણો શા માટે જોઈએ છે તે વિશેના પ્રયોજનની આપનાર આગળ સ્પષ્ટતા કરવી અને (૫) પોતાના સંયમની અને જ્ઞાનની આરાધના અર્થે તરત ઉપયોગમાં આવે એવાં જ ઉપકરણો લેવાં. કોઈક ઉપકરણ ભવિષ્યમાં કદાચ ક્યારેક કામ લાગશે એવા આશયથી લેવું નહીં. બિનજરૂરી કે વધારાનાં ઉપકરણો તરીકે કોઈ ઉપકરણ લેવું નહીં.

જેમ આહાર અને ઉપકરણની બાબતમાં તેમ ઉપાશ્રયાદિ સ્થાનની બાબતમાં પણ એવી ઊંચી ભાવના સાધુઓએ સેવવી જોઈએ કે અદત્તાદાનનો સૂક્ષ્મ દોષ પણ લાગે નહીં.

શાસ્ત્રકારોએ તો સાધુઓ માટેના અદત્તાદાન વિરમણ મહાવ્રતની આથી પણ વધુ સૂક્ષ્મ વિચારણા કરી છે. જેમ કે, જીવ કર્મ બાંધે છે ત્યારે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલ પરમાણુઓ એના આત્મપ્રદેશોમાં આવીને ચોંટે છે. આ પુદ્‌ગલ પરમાણુઓ કોઈએ આપ્યા નથી એટલે અદત્ત છે. જીવ એને ગ્રહણ કરે છે. તો જીવને અદત્તાદાનનો દોષ લાગે કે નહીં ? આ શંકાનું સમાધાન કરતાં શાસ્ત્રકારો કહે છે કે ના, જીવને અદત્તાદાનનો દોષ લાગે નહીં, કારણ કે જ્યાં દેવાની અને લેવાની ક્રિયાનો સંભવ હોઈ શકે ત્યાં દોષ લાગે. દેવાની ક્રિયા વગર લેવાની ક્રિયા ન થઈ શકે. પરંતુ કર્મબંધનમાં દેવાની ક્રિયા નથી હોતી એટલે લેવાની ક્રિયા પણ ગણી શકાય નહીં – એટલે ત્યાં અદત્તાદાનનો દોષ લાગે નહીં. એવી જ રીતે આ કર્મબંધનમાં શુભ કર્મ બાંધી કોઈ જીવ પુણ્યોપાર્જન કરે તો તેને 'પ્રશસ્ત ચોરી' પણ કહી શકાય નહીં કે અશુભ કર્મ બાંધી પાપોપાર્જન કરે તો તે 'અપ્રશસ્ત ચોરી' કહી શકાય નહીં, કારણ કે તે બંનેમાં દેવા-લેવાની ક્રિયાનો સંભવ હોતો નથી.

કોઈના ઘરમાં એની રજા વિના પ્રવેશવું એમાં પણ અદત્તાદાન વિરમણ વ્રતનો ભંગ થાય છે. સાધુઓએ તો આ વ્રતનું વધુ સૂક્ષ્મ દૃષ્ટિથી પાલન કરવાનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે. કોઈના ઘરનું બારણું ઉઘાડું હોય તો પણ સાધુએ બહારથી 'ધર્મલાભ' કે એવા શબ્દો બોલી, પોતાની જાણ કર્યા પછી જ, ગૃહસ્થ પુરુષ કે સ્ત્રી બોલાવે તે પછી જ ઘરમાં પ્રવેશવું જોઈએ. જો પોતાની મેળે દરવાજો ખોલીને દાખલ થાય અથવા ખુલ્લા દરવાજામાં સીધેસીધા દાખલ થઈ જાય તો અસ્તેય વ્રતનો ભંગ થાય છે. અહીં કોઈક પ્રશ્ન કરે કે કેટલાંક નગરોને કોટ અને તેનો દરવાજો હોય છે અથવા નગરમાં પોળ કે શેરીના દરવાજા હોય છે. તો એ દરવાજામાંથી સાધુ જાય તો અસ્તેય વ્રતનો ભંગ થાય કે નહીં ? એનો ઉત્તર એ છે કે એ દરવાજા સાર્વજનિક હોય છે. ત્યાં કોઈ અટકાવનાર કે રજા આપનાર હોતું નથી. એટલે એવા સાર્વજનિક દરવાજામાં દાખલ થવામાં સાધુને કોઈ દોષ લાગતો નથી.

આમ, અદત્તાદાન વિરમણ વ્રતની ઘણી સૂક્ષ્મ મીમાંસા જૈનદર્શનમાં કરવામાં આવી છે. જેઓ આ વ્રતનું સ્થૂલ અને સૂક્ષ્મ એમ ઉભય દૃષ્ટિએ સરસ પાલન કરે છે તેને વ્યાહારિક જગતમાં તો યશ, અનુકૂળતા, નિર્ભયતા ઇત્યાદિ સાંપડે છે, પણ સાથે સાથે તેવા મહાત્માઓના જીવનમાં લબ્ધિ સિદ્ધિ પણ પ્રગટ થાય છે. જોકે તેઓ તેના તરફ આકર્ષાતા નથી. આવા મહર્ષિઓનો એક શબ્દ નીકળતાં ભક્તો ધનના ઢગલા કરવા તૈયાર થઈ જાય છે.

પાતંજલ યોગસૂત્રમાં કહ્યું છે :

**अस्तेय प्रतिष्ठायां सर्व रत्नोपस्थानम् ।।**

અસ્તેય વ્રતની જેના જીવનમાં પ્રતિષ્ઠા થાય છે તે વ્યક્તિને સર્વ રત્નોનાં સ્થાન દેખાય છે. અર્થાત્ જેઓએ અચૌર્ય વ્રતની ઉત્તમ સાધના કરી હોય છે તેઓને લક્ષ્મી સામેથી આવીને મળે છે.

ચોરી નાની હોય કે મોટી, એ પાપ છે એ નિશ્ચિત છે. જેઓ સદાચારી જીવન જીવવા ઇચ્છતા હોય તેઓએ તો આવી નાની કે મોટી ચોરીથી દૂર જ રહેવું રહ્યું. પરંતુ એથી આગળ વધીને સાધકે તો લોભ, લાલચ, આસક્તિ ઇત્યાદિ ઉપર સંયમ મેળવી અદત્તાદાનથી વિરમવું જોઈએ. તે માટે સંતોષ એ ઉત્તમ માર્ગ છે. જ્યાં સુધી ચિત્તમાં આશા, અપેક્ષા, સ્પૃહા, ઇચ્છા, તૃષ્ણા વગેરે ઉદ્ભવે છે ત્યાં સુધી અસંતોષ રહ્યા કરે છે. ચિત્તમાં સ્પૃહા ઉદ્ભવે તો તેને વાળી લેવી જોઈએ, પરંતુ આત્મશક્તિને સતત અભ્યાસથી એવી ફોરવવી જોઈએ કે એક વખત નિઃસ્પૃહત્વ આવે એટલે જગતના સર્વ પદાર્થો કાંકરા જેવા કે તણખલા જેવા લાગે. निःस्पृहस्य तृणं जगत् । નિઃસ્પૃહત્વમાંથી જે માનસિક સુખ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાપ્ત થાય છે તે કેવું હોય છે તે તો અનુભવથી જ સમજાય એવું છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે 'જ્ઞાનસાર'માં કહ્યું છે :

**भूशय्या भैक्ष्यमशनं जीर्णवासो वनं गृहम् ।**
**तथापि निःस्पृहस्याहो चक्रिणोप्यधिकं सुखम् ।।**

[ ભૂમિ ઉપર શયન હોય, ભિક્ષા મેળવીને ખાવાનું હોય, પહેરવાને જીર્ણ વસ્ત્ર હોય અને વન એ જ ઘર હોય તો પણ સાચો નિઃસ્પૃહ મનુષ્ય ચક્રવર્તીના સુખથી અધિક સુખ ભોગવી શકે છે. ]

❑

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org